# શહેરમાં વિશ્વ આદિવાસી અધિકાર દિવસની રંગારંગ ઉજવણી

**બીરસા મુંડા ભવનથી રામકથા મેદાન સુધીની રેલી આકર્ષણનું કેન્દ્ર બની : ગુજરાત સહિત પડોશી રાજયો અને બે વિદેશી આદિવાસીઓ પણ જોડાયા**








ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના માર્ગો પર આજે સવારે વિશ્વ આદિવાસી અધિકાર દિવસ નિમિત્તે આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પરંપરાગત પહેરવેશ અને આયુધો સાથેના ગુજરાત તથા અન્ય રાજયોમાંથી આવેલા આદિવાસી નાગરિકોએ રાહદારીઓ તથા વાહનચાલકોનું ધ્યાનાકર્ષિત કર્યુંહતું. બીરસા મુંડા ભવનથી શરૂ થયેલી આ રેલીનું સેકટર-૧૧માં રામકથા મેદાન ખાતે સમાપન થયું હતું. જયાં યોજાયેલી સભામાં અધ્યક્ષપદેથી બોલતા નિવૃત્ત એડિશનલ ડીજી વી.એમ. પારધીએ આદિવાસીઓએ તેમના અધિકારો પ્રત્યે જાગૃત બની સરકારની આદિવાસીઓ માટેની વિવિધ યોજનાઓનો લાભ મેળવવો જોઈએ.' તે અંગે વાત કરતા આદિવાસીઓને જંગલ તથા પ્રકૃતિના સાચા રક્ષકો ગણાવી દેશભરના જળાશયોના નિર્માણમાં સૌથી વધુ વિસ્થાપિત આદિવાસી સમાજ થયો હોવા છતાં હજુ પણ જંગલનું રક્ષણ કરી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

વિશ્વ આદિવાસી અધિકાર દિવસની ઉજવણીના કાર્યક્રમમાં નિવૃત્ત એડિશનલ કમિશનર વી.એમ. પારધી ઉપરાંત ઉજવણી સમિતિના કન્વીનર ડૉ. રાજન ભગોરા, સહ કન્વીનર ભરત મોડિયા અને વી.આર.ચારેલ સહિત આદિવાસી સમાજના અગ્રણીઓ જોડાયા હતા. આ પ્રસંગે બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, સુરત, વલસાડ, ડાંગ સહિતના રાજયના અનેક જિલ્લાના આદિવાસી યુવાનોએ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશના અગ્રણી પ્રતિનિધિઓ ઉપરાંત ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા બે યુગાન્ડાના આદિવાસી નાગરિક પણ જોડાયા હતા. કાર્યક્રમમાં રાજયના આદિવાસી ધારાસભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા અને મોટી સંખ્યામાં આદિવાસી સમાજ જોડાયો હતો.

## શહેરના પ્રકૃતિપ્રેમીએ કોયલના બચ્ચાંને ખવડાવતી કાગડીની અદ્‌ભૂત વિડિયોગ્રાફી કરી..!!

**કાગડાના માળામાં કોયલ ઇંડા મૂકે છે તે બધા જાણે છે પરંતુ નજરે જોનારા ઓછા : સોશિયલ મિડિયા પર આ વિડિયોને ખૂબ આવકાર મળ્યો**

ગાંધીનગર, તા. ૧૩

શ્રાધ્ધ પક્ષનો પ્રારંભ થઈ રહ્યો છે એટલે સ્વાભાવિક રીતે જ કાગડાની યાદ આવે. આમ તો કાગડો એક ચતુર પક્ષી કહેવાય છે પરંતુ તેને પણ કોયલ છેતરીને તેના માળામાં પોતાના ઈંડા મુકી જાય છે જેને કાગડી પોતાના ઈંડા સમજી સેવે છે અને બચ્ચાં બહાર આવે ત્યારે માતૃત્વનો પ્રેમ આપી ઉછેરે પણ છે. શહેરના પ્રકૃતિપ્રેમી નાગરિક અશ્વિન જાટીયા દ્વારા આ ઘટનાની આબાદ વિડીયોગ્રાફી કરવામાં સફળતા મેળવી છે જેને સોશ્યલ મિડિયા પર ''વન-વગડો'' નામના ગૃપના પેજ પર અપલોડ કરતાં પ્રોત્સાહક પ્રતિસાદ પણ સાંપડી રહ્યો છે.



આ વાત તો દરેક વ્યક્તિએ સાંભળી છે કે કાગડી કોયલના બચ્ચાંને ઉછેરે છે પરંતુ નજરે આ ઘટના જોનારા ખૂબ ઓછા વ્યક્તિઓ હોય છે. અશ્વિન જાટીયા પોતે પ્રકૃતિપ્રેમી હોવાને કારણે તેમણે પોતાના આંગણે પક્ષીઓ માટે બર્ડ ફીડર્સ લગાડી પક્ષીઓને નિયમિત ચણ ખવડાવે છે. તેમના હરિયાળા આંગણાના વૃક્ષોમાં અનેકવિધ પક્ષીઓ નિવાસ કરે છે અને નિયમિત ઈંડા મુકી બચ્ચાંને ઉછેરે છે. આ પક્ષીઓમાં કાગડા દંપતિનો પણ સમાવેશ થાય છે અને દર વર્ષે તેઓ કાગડીના કોયલને ઈંડા મુકી જવાથી માંડીને કાગડી દ્વારા તે ઈંડાને સેવવાની અને તેના બચ્ચાંને ખવડાવવાની ઘટના નજરે નિહાળે છે. જોકે આ ઘટનાની વિડિયોગ્રાફી કરવા તેઓ કેટલાક વર્ષોથી પ્રયત્ન કરતા હતા પરંતુ આ વર્ષે ગત મંગળવારે જ્યારે તેમના સરકારી કાર્યાલયમાં રજા હોવાથી અને વરસાદી સીઝનના કારણે ઘરે હોવાથી ગેલેરીમાંથી તેમણે વિડિયો લેવા પ્રયાસ કર્યો હતો. આમ તો લીમડાના વૃક્ષમાં કાગડાનો માળો હોવાથી સફળતા ના મળે પરંતુ તેમના સદભાગ્યે કોયલનું બચ્ચુ થોડુ મોટુ થઈ ગયુ હોવાથી તેમણે બનાવેલ પક્ષી પરબના હિંચકે આવીને બેઠુ હતુ જ્યાં 'કાગડી માતા' તેને ખવડાવવા આવી પહોંચતા આ દુર્લભ દૃશ્ય તેમને કેમેરામાં કેદ કરવાનો અવસર સાંપડ્યો હતો. આ સમગ્ર વિડિયોને ગાંધીનગર સહિતના પ્રકૃતિ પ્રેમીઓના ગૃપ 'વન-વગડો'માં મુકતા પ્રકૃતિ પ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અશ્વિન જાટીયા નવા સચિવાલય ખાતે સરકારી નોકરી ઉપરાંત શહેરના આહિર યુવા ફોરમમાં કાર્યરત છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બેટા તારા માટે જે છોકરાનો બાયોડેટા આવ્યો છે તેમાં મારે કોઈની સલાહ લેવાની જરૂર જ નથી... છોકરો ટ્રાફીક હવાલદાર છે....!!

## ગાંધીનગરમાં ૧૭મીએ નર્મદે સર્વદે ઉત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર ખાતે જિલ્લાકક્ષાનો તથા મનપાના સંયુક્ત ઉપક્રમે ૧૭મીએ નમામિ દેવિ નર્મદેના ઉત્સવની ઉજવણી કરવામાં આવશે.

જિલ્લા પંચાયતની બેઠક દીઠ જિલ્લાભરમાં આ ઉત્સવની ઉજવણી થશે. જિલ્લા તેમજ મહાનગરોમાં નર્મદા મૈયાની મહત્તા અને ગુણગાન કરતા આ કાર્યક્રમમાં સાધુ-સંતો, સામાજિક સંસ્થાના શ્રેષ્ઠીઓ, નાગરિકો પ્રજાજનોની સહભાગિતાથી ઉમંગ અને ઉલ્લાસપૂર્વક ઉજવણી થશે.

આ કાર્યક્રમમાં જિલ્લાના પ્રભારીમંત્રી કૌશિકભાઈ પટેલ, પ્રભારી સચિવ સંજીવકુમાર પણ વિશેષ ઉપસ્થિત રહેશે. આ અંગેના સ્થળ અને સમયની ઘોષણા હવે પછી કરાશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જિલ્લાના મોટાભાગના ગામો અને તમામ શહેરોમાં નર્મદાનું પાણી પેયજળ તરીકે વપરાય છે. જિલ્લામાં બે વર્ષ પછી ત્રાણુ ટકાથી વધુ વરસાદ થયો છે અને નર્મદાના નીરના વધામણા આ દિવસે કરી લોકોને મોં મીઠુ કરાવવામાં આવશે.

''નર્મદે સર્વદે'' સૂત્ર આ દિવસે સાર્થક થશે. નર્મદા યોજના બન્યા પછી તેનો ડેમ ઓવરફ્લો થાય તેવી સ્થિતિ ઉભી થઈ છે તેથી આ ઉજવણી કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.

## જિલ્લા પોલીસ વડા દ્વારા નવા મોટર વ્હીકલ એકટને પગલે બેઠક યોજાઈ

સમગ્ર ગુજરાતભરમાં આગામી તા.૧૬મી થી નવા મોટર વ્હીલક એકટનું પાલન કરવાનું રહેશે. ત્યારે ચોતરફ વિરોધના વંટોળને પગલે તંત્ર પણ ચિંતિત નજરે પડે છે. ત્યારે ગાંધીનગર જિલ્લાની વાત કરીએ તો નવા મોટર વ્હીકલ એકટના પાલન પહેલા આયોજનના ભાગરૂપે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ટ્રાફિક પોલીસ, આરટીઓ, તમામ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ, બેંક સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ જિલ્લા પોલીસ વડા દ્વારા તમામ પોલીસ મથકના ઈન્ચાર્જને સુચના આપવામાં આવી હતી કે ટ્રાફિકના નિયમોના પાલનનો પ્રારંભ પહેલા પોલીસે કરવો જોઈએ. રોલકોલમાં જ પોલીસ જવાનોને ટ્રાફિકના નિયમોની અમલવારી માટે કહેવા અને જે પાલન કરે તેને દંડ પણ કરવા માટે કડક સુચના જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ આપી હતી.

### પોલીસને વાહનચાલકો સાથે ઘર્ષણમાં ન ઉતરવા સલાહ

શહેરમાં ટ્રાફિકના નવા નિયમોના પાલન સમયે નાગરીકોમાં રોષ ન ફેલાય તે રીતે બહુ કડકાઈથી દંડની વસુલી નહી કરવા માટે ઉપરથી સુચના આપી હોવાનું જાણવા મળ્યું છે. તો બીજીતરફ પોલીસને વાહનચાલકો સાથે ઘર્ષણમાં ઉતરવું નહી અને સરળતાથી ટ્રાફિકના નિયમો અંગે સમજણ આપવા માટે જણાવાયું છે.

### એક જ દિવસે એક વ્યકિતને બે ઈ-મેમા ન મળે તેની તકેદારી રાખવા તંત્રને સુચન

પોલીસ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં રીક્ષામાં લાઉડ સ્પીકર દ્વારા નગરજનો નવા ટ્રાફિક નિયમોની અમલવારી માટે જાગૃતિ આવે તેવા પ્રયાસો તંત્ર દ્વારા હાથ ધરાયા છે. શહેરમાં એક જ દિવસે એક જ વાહન ચાલકને બે ઈ -ચલણ ઘરે આવે છે ત્યારે જિલ્લા પોલીસ વડાએ ઈ-ચલણમાં એક જ વ્યકિતને બે મેમા ન મળે તેનું ખાસ ધ્યાન રાખવા માટે પણ જણાવ્યું છે. જયારે સમગ્ર શહેરમાં લાગેલા ૨૫૦ સીસીટીવી કેમેરાથી દરેક વાહન ચાલક પર પોલીસની નજર રહેશે. પીયુસી અને નંબર પ્લેટની તારીખમાં વધારો કરાયો હોવાથી તારીખ પુરી ન થાય ત્યાં સુધી ચાલકોને તે અંગે દંડ ન કરવા જણાવ્યું છે.

ગાંધીનગર શહેરની સૌથી મોટી સમસ્યા હાલના સમયે માર્ગ વચાળે ખડકાતા આડેધડ વાહનોની છે. ત્યારે શહેરના મુખ્ય સ્થળો પર નો પાર્કીંગ ઝોનના બોર્ડ વધારવાની સાથે પોલીસ હવે કોમર્શિયલ વિસ્તારોમાં જવાબદારોને સુવિધા ઉભી કરવા જણાવવામાં આવશે.



દહેગામ કપડવંજ માર્ગ પર ચિસકારી ચોકડી પાસે એસટી બસના ચાલકે ઘાસ લઈને ચાલી રહેલા અંદાજીત ત્રણથીચાર મહિલાઓને અડેફેટે લીધા હતા. કપડવંજથી બપોરના સાડાબાર વાગ્યાના અરસામાં દહેગામ તરફ આવી રહેલી બસ નં. જી.જે.૧૮.ઝેડ-૨૧૧૮ ના ચાલકે ચાલતી જતી મહિલાઓને ટક્કર વાગી જતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં ઈજાગ્રસ્ત મહિલાઓને તાત્કાલીક સારવાર માટે લઈ જવાઈ હતી. બનાવને પગલે માર્ગ પર નાગરીકોના ટોળેટોળા વળ્યા હતા.

## આજે કલોલની અનન્ય વિદ્યાલય દ્વારા સાયકલ રેલી યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

આજે અનન્ય વિદ્યાલય કેઆઈઆરસી કેમ્પસ કલોલ શાળા દ્વારા સવારે ૮.૧૫ થી ૧૦.૩૦ દરમિયાન જનજાગૃતિ અભિયાન અંતર્ગત લોક જાગૃતિ હેતુથી સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યુ છે. જે સ્વચ્છતા અભિયાન, ફીટ ઈન્ડિયા, બેટી બચાવો જેવા સ્લોગન સાથે કરવામાં આવશે. સાયકલ રેલી અંતર્ગત રેલી અનન્ય વિદ્યાલયથી રાજધાની સોસાયટી, બોરીસણા પેટ્રોલપંપ, રાધે સ્વીટ, શ્રીફળ સોસાયટી, હનુમાનજી મંદિર, પંચવટી થઈ જોયફુલ સ્કૂલથી આર.કે. હોસ્પિટલ થઈ શુભ કોમ્પલેક્ષ, શ્રીજી પાર્લર-નાના (અંબિકા) ગરનાળાથી-કોબ્રા સર્કલ થઈ વખારીયા ચાર રસ્તા થઈ સીટીમોલ - કવિતા-શારદા સર્કલ-ગાયત્રી મંદિર થઈ સોપાન - અનન્ય વિદ્યાલય કલોલ આવી પૂર્ણ થશે.



શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ સંચાલિત શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ, બાલવા (તા. કલોલ)ના માધ્યમિક વિભાગના શિક્ષક શ્રી શૈલેષકુમાર કાન્તિલાલ પટેલને જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે કલેકટરશ્રી, ડી.ડી.ઓ. શ્રી તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની હાજરીમાં ગાંધીનગરના મેયરશ્રી દ્વારા પારિતોષિક એનાયત કરવામાં આવ્યો હતો. શાળા અને બાલવા ગામનું ગૌરવ વધારવા બદલ શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી.

## કલોલ ખાતે ૧૭મી અને દહેગામ ખાતે ૧૯મીએ રોજગાર ભરતી મેળો

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા તા.૧૭મી સપ્ટેમ્બરના રોજ કલોલ અને તા.૧૯મી સપ્ટેમ્બરના રોજ દહેગામ ખાતે રોજગાર ભરતી મેળો-સ્વરોજગાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ સરકારી ટેકનીકલ સંસ્થા, કલોલ પોલીસ સ્ટેશન સામે, અમદાવાદ-મહેસાણા હાઈવે, કલોલ ખાતે રોજગાર ભરતી મેળો - સ્વરોજગાર શિબિરનું આયોજન સવારના ૧૦.૩૦ કલાકે કરવામાં આવ્યુંછે. તેમજ તા. ૧૯મી સપ્ટેમ્બરના રોજ સવારના ૧૦.૩૦ કલાકે મહાસુખલાલની વાડી, ભારત પ્રટ્રોલ પંપ સામે, દહેગામ ખાતે ભરતી મેળો અને સ્વરોજગાર શિબિર યોજાશે.

રોજગાર ભરતી મેળામાં ઘોરણ-૧૦પાસ, ૧૨ પાસ/નાપાસ, આઈ.ટી.આઈ. (તમામ ટ્રેડ), ડિપ્લોમા, ગ્રેજયુએટ થયેલા ઉમેદવારો તેમજ કોમ્પ્યુટર ઓપરેટર માટે કોમ્પ્યુટરના જાણકાર જેમ કે કોપા, બી.કોમ., બી.સી.એ. ઉમેદવારો ભાગ લઈ શકશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ